BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH
( Established vide Government of Gujarat Act No. 23/2015 )
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ
( ગુજરાત અધિનિયમ નં. ૨૩ / ૨૦૧૫ દ્વારા સ્થાપિત )

**પરીપત્ર**

**વિષય :આગામી સમયમાં યોજનાર યુ.જી./એલએલ.બી. સેમ.-૩ અને ૫ તેમજ પી.જી./બી.એડ. સેમ.-૩ ની પરીક્ષાના, પરીક્ષા ફોર્મની ઓનલાઇન એન્ટ્રી શરૂ કરવા બાબત.** (જુના સોફ્ટવેર અંતર્ગત સેમ.-૩ અને સેમ.-૫ માં રીપીટર/A.T.K.T. વાળા વિદ્યાર્થીઓ માટે)

આથી ઉપરોક્ત વિષયે ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી ભવનના અધ્યક્ષશ્રીઓ, સંલગ્ન અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર્સ ઇન્ચાર્જશ્રીઓ, સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ તથા માન્ય સંસ્થાના વડાઓને જણાવવાનું કે, આગામી સમયમાં યોજનાર **યુ.જી./એલએલ.બી. સેમ.-૩ અને ૫ તેમજ પી.જી./બી.એડ. સેમ.-૩** ની પરીક્ષાના, પરીક્ષા ફોર્મની ઓનલાઇન એન્ટ્રીની તારીખ નીચે મુજબ રહેશે. નિયત સમય-મર્યાદામાં કોલેજ દ્વારા તેમના લોગીન મારફત એન્ટ્રી કરવાની રહેશે. (**પરીક્ષા ફોર્મની એન્ટ્રી જુના સોફ્ટવેરમાં કરવાની રહેશે. જેની લિંક આ મુજબ છે-** https://bknmu.gipl.net )

**[પરીક્ષા ફોર્મ ફી, અત્રેની યુનિવર્સિટીની વેબસાઇટ પર તા.૦૩/૦૮/૨૦૨૩ ના રોજ મુકવામાં આવેલ પરીપત્ર મુજબ રહેશે.]**

| કોર્ષનું નામ | રેગ્યુલર ફી | લેઇટ ફી [રેગ્યુલર ફી + ૫૦૦] | દંડાત્મક ફી [રેગ્યુલર ફી + ૫૦૦ + ૧૫૦૦] |
|---|---|---|---|
| યુ.જી./એલએલ.બી. સેમ.-૩ અને સેમ.-૫ તેમજ પી.જી./બી.એડ. સેમ.- ૩ | તા.૦૪/૦૮/૨૦૨૩ થી તા.૨૩/૦૮/૨૦૨૩ | તા.૨૪/૦૮/૨૦૨૩ | તા.૨૫/૦૮/૨૦૨૩ |

છેલ્લી તારીખ બાદ કરવામાં આવેલ સુધારો સોફ્ટવેર સ્વીકારશે નહી. દંડાત્મક ફી ની તારીખ બાદ પણ જો કોઇ વિદ્યાર્થીનું પરીક્ષા ફોર્મ ઓનલાઇન ભરવાનું બાકી રહેલ હોય તો તેવા વિદ્યાર્થીઓના પરીક્ષા ફોર્મ અત્રેની યુનિવર્સિટી ખાતેથી **ડબલ દંડાત્મક ફી [દંડાત્મક ફી * ૨(બે)]** ભરી ફોર્મ ભરવાનું રહેશે.

દંડાત્મક ફી સાથેની છેલ્લી તારીખ બાદ ચાલુ કામકાજના દિવસ ૨(બે)માં ફરજીયાત પણે ચેકલિસ્ટ તેમજ ફી મેમો પરીક્ષા વિભાગમાં જમા કરાવવાનો રહેશે, જો કોલેજ દ્વારા નિયત સમયમર્યાદા બાદ પરીક્ષા ફોર્મ જમા કરવામાં આવશે તો તેવી કોલેજના બેઠક નંબર જનરેટ થશે નહી જેથી તેની સંપૂર્ણ જવાબદારી જે-તે કોલેજની રહેશે. જેની ગંભીરતાથી નોંધ લેવી તથા પરીક્ષા ફોર્મ ફી **“રજીસ્ટ્રાર, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ”** ના નામના ડીમાન્ડ ડ્રાફ્ટ દ્વારા ભરવાની રહેશે.

**ખાસ નોંધ :**

૧. દરેક વિદ્યાર્થીએ પરીક્ષા ફોર્મમાં જે વિષય દર્શાવેલ હોય તે જ વિષયની કોલેજ દ્વારા સોફટવેરમાં એન્ટ્રી કરવી.
૨. કોલેજ દ્વારા પરીક્ષા ફોર્મની એન્ટ્રી થયા બાદ ફરજીયાત વેરીફાય કરી લેવાનું રહેશે. [વેરીફાય કરેલ ફોર્મનું જ ચેકલીસ્ટ/બેઠક નંબર જનરેટ થશે]
૩. રીપીટર વિદ્યાર્થીનાં વિષયમાં ફેરફાર કરી આપવામાં આવશે નહી, જે કોલેજ તેમજ વિદ્યાર્થીઓએ ધ્યાને લેવું.
૪. પરીક્ષાના આવેદનપત્ર કોલેજે પોતાની પાસે રેકોર્ડમાં સાચવીને રાખવાં, જરૂર પડયે યુનિવર્સિટી દ્વારા મંગાવવામાં આવે તો રજુ કરવાનાં રહેશે.
૫. જુના વિદ્યાર્થીઓની સ્પોર્ટ્સ ફી રૂ.૭૦/- તેમજ કલ્ચરલ એક્ટિવિટી ફી રૂ.૭૦/- સેમ.-૩ અને સેમ.-૫ ના પરીક્ષા ફોર્મ સાથે જમા કરાવવાની રહેશે. જે કોલેજ દ્વારા સ્પોર્ટ્સ ફી તેમજ કલ્ચરલ એક્ટિવિટી ફી જમા કરાવવામાં નહી આવે તેવી કોલેજોના પરીક્ષા ફોર્મ સ્વીકારવામાં આવશે નહી. જેની સંબંધીતોએ ખાસ નોંધ લેવી.
૬. જુના સોફ્ટવેર અંતર્ગત યુ.જી./એલએલ.બી./પી.જી./બી.એડ. સેમ.-૧ ના વિદ્યાર્થીઓના પરીક્ષા ફોર્મ કોલેજ દ્વારા ભરાવીને પોતાની પાસે રાખવા અત્રેની યુનિવર્સિટી દ્વારા ટૂંક સમયમાં પરીક્ષા ફોર્મની ઓનલાઇન એન્ટ્રીની તારીખ જાહેર કરવામાં આવશે ત્યારબાદ પરીક્ષા ફોર્મની ઓનલાઇન એન્ટ્રી કોલેજ દ્વારા કરવાની રહેશે.
૭. નવા સોફ્ટવેર અંતર્ગત જુના વિદ્યાર્થીઓ તેમજ સેમ.-૩ માં નવા એનરોલમેન્ટ નંબર જનરેટ થાય ત્યારબાદ યુ.જી./એલએલ.બી./પી.જી./બી.એડ. સેમ.-૩ ના વિદ્યાર્થીઓના પરીક્ષા ફોર્મ કોલેજ દ્વારા ભરાવીને પોતાની પાસે રાખવા અત્રેની યુનિવર્સિટી દ્વારા ટૂંક સમયમાં પરીક્ષા ફોર્મની ઓનલાઇન એન્ટ્રીની તારીખ જાહેર કરવામાં આવશે ત્યારબાદ પરીક્ષા ફોર્મની ઓનલાઇન એન્ટ્રી કોલેજ દ્વારા કરવાની રહેશે.

ડૉ. ડી. એચ. સુખડીયા
**પરીક્ષા નિયામક**

ક્રમાંક - બીકેએનએમયુ/પરીક્ષા/૭૭૦/૨૦૨૩, તા. ૦૩/૦૮/૨૦૨૩
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, ગવર્નમેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ, ખડિયા, જુનાગઢ-૩૬૨ ૨૬૩

પ્રતિ,
યુનિવર્સિટી ભવનના અધ્યક્ષશ્રીઓ, સંલગ્ન અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર્સ ઇન્ચાર્જશ્રીઓ, સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ તથા માન્ય સંસ્થાના વડાઓ તરફ....

નકલ સવિનય રવાના :-
(૧) માન.કુલપતિશ્રીના અંગત સચિવશ્રી (જાણ અર્થે)
(૨) આઇ.ટી. સેલ (વેબસાઇટ પર પ્રસિધ્ધ થવા તેમજ યોગ્ય કાર્યવાહી અર્થે)
(૩) હિસાબી શાખા. (યોગ્ય કાર્યવાહી અર્થે)